સે. ૨૨માં ચાલતી જતી મહિલાના ગળામાંથી અછોડો તોડી શખ્સો ફરાર

પાટનગરમાં બાઈક પર આવીને ચેઈન સ્નેચીંગ કરતી ગેંગ બેકાબુ બની

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટર પાસેથી આજે સમી સાંજે ચાલતી પસાર થઈ રહેલી એક મહિલાને બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો ટાર્ગેટ બનાવી દીધી હતી. મહિલાના ગળામાંથી સોનાનો કિંમતી દોરો આંચકી ચેઈન સ્નેચરો ભર બજારમાંથી પળવારમાં જ રફુચક્કર થઈ ગયા હતા. જો કે હજુ સુધી આ સંદર્ભે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

ગાંધીનગર શહેરમાં દિન-પ્રતિદિન ચેઈન સ્નેચીંગના બનાવો વધતા જાય છે. પોલીસને પણ જાણે પડકાર ફેંકતા હોય તેમ બિન્દાસ ચેઈન સ્નેચરો એકલી રસ્તામાંથી પસાર થતી મહિલાઓને નિશાન બનાવે છે. જિલ્લા પોલીસે પણ બાઈક પર આવીને ચેઈન સ્નેચીંગ કરતી ગેંગને ઝડપી પાડવા એક્શન પ્લાન બનાવી કેટલીક ગેંગને પકડી પાડી સફળતા મેળવી હતી. પરંતુ છારાનગર વિસ્તારની સંખ્યાબંધ આ પ્રકારની ગેંગો સક્રિય હોવાથી ચેઈન સ્નેચીંગના કિસ્સાઓ નિયંત્રણ બહાર બની ગયા છે. આવો વધુ એક કિસ્સો પાટનગરના ભરચક સેક્ટર-૨૨ શોપીંગ સેન્ટર પાસે બનવા પામ્યો છે. શોપીંગ પાસેથી ચાલતા મહિલાની નજીક બાઈક આવ્યું અને પાછળ બેઠેલા યુવાને શખ્સે મહિલાના ગળામાં હાથ નાંખી ચેઈન આંચકી લીધો હતો. મહિલાએ બુમાબુમ કરી મુકતા આસપાસના રાહદારીઓ સહિત દુકાનદારો સ્થળ પર દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં બાઈક લઈને બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. મહિલાએ હજુ સુધી આ સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

નૂતન વર્ષના પગરવ સાથે સાથે ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ સે-૨ ઉના પ્રતિષ્ઠિત વ્યકિતઓ, કાર્યકરો, હોદ્દેદારો અને સ્નેહી સ્વજનોનું નવા વર્ષે સ્નેહ મિલન યોજાયું હતું જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ બંધુઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગને ઉજળો બનાવ્યો હતો.

(તસવીર : દિપક જાની)

આજે કાર્તિકી પૂર્ણિમાને દેવ દિવાળીએ સેકટર-૫-એ ખાતે આવેલા પંચમુખી મહાદેવ ખાતે અન્નકૂટનો પ્રસાદ ધરાવાયો હતો. વિધ વિધ મીઠાઈઓ-વાનગીઓ સાથે મહાદેવજીના ભકતોએ પ્રભુ ભકિત કરી અન્નકૂટનો લ્હાવો લીધો હતો.

(તસવીર : દિપક જાની)

અદાણીની સાઈટ પર પાંચમે માળેથી પટકાતા મજુરનું મોત

મજુર પાંચમે માળે પ્લાસ્ટર કરી રહ્યો હતો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર પાસેના દંતાલી ગામમાં આવેલી અદાણી શાંતિગ્રામ બાંધકામ સાઈટ પર આજે બપોરના સુમારે પાંચમા માળેથી જમીન પર પટકાતા પ્લાસ્ટર કામગીરી કરી રહેલા મજુરનું ઘટનાસ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. પ્લાસ્ટર કામ કરતા ૩૫ વર્ષીય શ્રમિક યુવાનનો અચાનક પગ લપસી જતાં જમીન પર પટકાયો હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક આવેલા દંતાલી ગામની સીમમાં અદાણી શાંતિગ્રામ બાંધકામ સાઈટનું કામકાજ ચાલી રહ્યું છે. આ બાંધકામ સાઈટ પર મુળ વેસ્ટ બેંગોલ વિસ્તારનો ૩૫ વર્ષીય શ્રમિક અબુબકર નુરમીયા સિદ્દીકી પ્લાસ્ટરનું કામકાજ આજે બપોરના સુમારે કરી રહ્યો હતો. તે દરમિયાન અચાનક તેનો પગ લપસી જતાં તે જમીન પર પટકાયો હતો અને યુવાનનું બનાવ સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. અડાલજ પોલીસને આ સંબંધે જાણ થતાં ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરવા માટે મોકલી આપી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટના કેવી રીતે સર્જાઈ તે સહીતની બાબતો જાણવા તપાસ આરંભી છે.

નોકરી જવાનું કહીને નીકળેલો યુવાન ત્રણ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ 'છ' ટાઈપ બ્લોક નં. ૬/૫માં રહેતો ૨૫ વર્ષીય યુવાન હર્ષદ જયંતિભાઈ ભગોરા ૨૬ નવેમ્બરના રોજ બે દિવસ અગાઉ પોતાના ઘરેથી સવારે નોકરીએ જવાનું કહીને નીકળ્યો હતો. જેનો બે દિવસ બાદ પણ કોઈ પતો નથી. તેની માનસિક સ્થિતિ નબળી હોવાનું પરિવારજનો તરફથી

જાણવા મળ્યું છે. ૫.૯ ઉંચાઈ ધરાવતા હર્ષદે શરીરે કથ્થાઈ રંગનો શર્ટ અને ક્રીમ કલરનું પેન્ટ પહેર્યું છે. સે-૨૧ પોલીસ મથકે ગુમ થયા અંગે પરીવારજનોએ જાણવા જોગ નોંધાવતા પોલીસે શોધખોળ આરંભી છે. કોઈને આ વ્યકિત અંગે જાણ થાય તો સ્થાનિક પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

શિશુ વિહાર દ્વારા ૩૦મીએ નાગરિક સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

શિશુ વિહારના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, શિશુ વિહાર ભાવનગર ખાતે તા. ૩૦મી નવેમ્બર-૨૦૧૨નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે નાગરિક સન્માન કાર્યક્રમ યોજાશે.

ગુજરાતનાં લોક સેવક માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં પ્રતિવર્ષ અપાતા નાગરિક સન્માન અંતર્ગત વર્ષ ૨૦૧૨માં જાણીતા કેળવણીકાર અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સલાહકાર, ચિંતક જ્યોતિબેન થાનકી, સ્વાતંત્ર્ય સેનાની અને ગુજરાતમાં સ્વચ્છતા અને શૌચાલય સંસ્કાર લોકભોગ્ય કરનાર સૂર્યકાન્તભાઈ પરીખનું શ્રેષ્ઠ નાગરિક સન્માન થશે. આ સાથે સમગ્ર વિશ્વમાં ગુજરાતની મહિલાઓને ગૌરવ અપાવનાર ડૉ. ઈન્દુબેન સામબાબુ પટેલ તથા પાટણ જિલ્લાથી ઉત્તર બુનિયાદી શિક્ષણનો યજ્ઞ પ્રજવલિત રાખનાર શિક્ષક શંભુભાઈ યોગીનું સન્માન કરવામાં આવશે. જન્મભૂમિ અખબાર જૂથના તંત્રી કુંદનભાઈ વ્યાસ, બાળ કેળવણીકાર અને સ્વાતંત્ર્ય સેનાની પ્રેમશંકરભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ પ્રસંગે કચ્છના અંતરીયાળ વિસ્તારમાં ૭૦૦ થી વધુ શ્રમજીવી બહેનોને ભરતકામ દ્વારા ઉદ્યોગ આપનાર શૂજન સંસ્થાના સક્રિય સેવક રાજીબેન શામળીયાનું શાલ, સ્મૃતિ ચિહ્ન તથા દરેકને ૧૧૦૦૦ કેશ આપી સન્માન કરવામાં આવશે. નિરંતર પ્રતિકાર ભર્યો પુરુષાર્થ કરતા રહી પ્રભુ પ્રિત્યર્થે સમાજ માટે સદ્કર્મ કરવાની જીવનશીખ આપનાર શિશુ વિવાહ સંસ્થાના સ્થાપક માનભાઈની સ્મૃતિમાં યોજાતા આ સન્માન પ્રસંગે નગરજનો, પ્રબુધ્ધજનો ખાસ ઉપસ્થિત રહેશે.

સમસ્ત જણસારી સમાજ સેવા સંસ્થાને પાઠવેલા નૂતન વર્ષાભિનંદન

ગાંધીનગરના સમસ્ત જણસારી સમાજ સેવા સંસ્થાનના કન્વીનર એમ.કે. ચૌહાણે નવા વર્ષના આગમન સાથે દેશ વિદશમાં વસતા સમસ્ત મોચી સમાજના સભ્યોની નૂતન વર્ષાભિનંદન પાઠવી નવું વર્ષ સુખ-સમૃદ્ધિ, સ્નેહભર્યું અને વિકાસશીલ બની રહે તેવી અભ્યર્થના વ્યકત કરી છે. સમસ્ત મોચી સમાજના જ્ઞાતિજનો એક જૂટ થઈ સામાજિક કુરિવાજોથી દૂર રહી, વ્યસન મુકિત, સ્ત્રી ભૃણ હત્યા, બેટી બચાવો, કન્યા કેળવણી, રકતદાન, મેડીકલ કેમ્પ, સ્નેહ મિલન, જીવનસાથી પસંદગી મેળા, સમૂહલગ્ન ક્ષેત્રે તથા ઉચ્ચ શિક્ષણ રોજગારલક્ષી કારકિર્દી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની ઉત્તમ તૈયારીઓ કરાવી સફળતા મેળવવા અને મોચી સમાજનું પણ 'જાગા-લાલા ભવન' નગરમાં હોય તેવી અભિલાષા વ્યકત કરી છે.

આજે સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની બેઠક અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સિનિયર સિટીઝન્સ કાઉન્સિલની માસિક બેઠક અને સ્નેહ મિલનનો કાર્યક્રમ આજ રોજ તા. ૨૯મી નવેમ્બરે યોજાશે.

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની ચાલુ માસની બેઠક ૩૦મી નવેમ્બરે યોજાનાર હતી જે હવે ૩૦મીને બદલે ૨૯મી નવેમ્બરને ગુરુવારે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી, સેકટર-૭ ખાતે સાંજે ૪ કલાકે મળશે. સિ.સિ.કા.ની બેઠક સાથે સાથે સ્નેહ મિલન કાર્યક્રમ પણ યોજાશે. સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા મંત્રી મહેન્દ્રભાઈ શાહે ખાસ જણાવ્યું છે.

કુડાસણ ગામે પહેલીથી રામકથા આરંભાશે

ધાનેશ્વર મહાદેવ મંદિરના મહંતના હસ્તે કથાનું ઉદ્ઘાટન : ૧૧ જેટલા સંતો-મહંતો આશીર્વાદ આપશે

ગાંધીનગર, તા. ૨૮

ન્યૂ ગાંધીનગર સ્થિત ઈન્ફોસિટી વિસ્તારમાં કુડાસણ રોડ ઉપર પ્રથમવાર સરસ્વતીના ઉપાસક અને પ્રખર વિદ્વાન પૂજ્ય કનકેશ્વરી દેવીના વ્યાસપીઠે રામકથા જ્ઞાનયજ્ઞ તા. ૧લી ડિસેમ્બર-૨૦૧૨ના રોજથી ૯મી ડિસેમ્બર-૨૦૧૨ સુધી કુડાસણ રોડ, કાનમ રેસિડેન્સીની સામેના મેદાનમાં યોજાશે. ૧લી ડિસેમ્બરે સવારે ૮.૧૫ કલાકે કુડાસણના રામજી મંદિરથી પોથીયાત્રા નિકળશે અને ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત રામસ્વરૂપપુરી મહારાજ કથાનું ઉદ્ઘાટન કરાવશે

રામસેવા સમિતિના પ્રમુખ હસમુખભાઈ પટેલ અને આયોજક કમલેશભાઈ પટેલના જણાવ્યાનુસાર રામકથાના મુખ્ય યજમાન કુડાસણ નિવાસી રતિભાઈ ગોવિંદભાઈ પટેલ અને ઉર્મિલાબેન છે. રામકથા જ્ઞાન યજ્ઞ દરમિયાન શ્રોતાજનો ફૂલશંકર શાસ્ત્રી, ઘનશ્યામ સ્વામી, વિશ્વંભરી ભારતી, આનંદબાપુ, દિલીપદાસ મહારાજ સહિત ૧૧ થી વધુ સાધુ-મહંતોના આશીર્વાદનો લાભ મેળવી શકશે. રામકથા બપોરે એકથી સાંજના પાંચ વાગ્યા સુધી ચાલશે. ત્યારબાદ દરરોજ મહાપ્રસાદનું પણ આયોજન કરાશે. પૂજ્ય કેશવાનંદ બાપુના પરમ શિષ્યા એવા કનકેશ્વરી દેવીને શારદાપીઠના શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજે રાજહંસિની ઉપાધિથી વિભૂષિત કર્યા છે. આ પ્રસંગે સુરેશ ઓઝા, જીતુભાઈ રાવર, કાન્તીભાઈ યોગી, દક્ષા પ્રજાપતિ કાણીસણા ભજન મંડળ, દિપક બારોટ સહિતના કલાકારો આ નિમિત્તે ભજન સંધ્યાનો કાર્યક્રમ દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૨ વાગ્યા સુધી કરશે. પ્રથમ દિવસે મા-બાપને ભૂલશો નહી કાર્યક્રમ અશ્વિનભાઈ જોશી રજૂ કરશે. જેનો સૌ શ્રોતાજનો લાભ લેશે.

સેકટર-૭ની પોસ્ટ ઑફિસની લુખ્ખી જોહુકમી

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૭ પોસ્ટ ઑફિસમાં પોસ્ટ માસ્તર તથા કર્મચારીઓની જોહુકમીથી વસાહતીઓ હેરાન થાય છે. જેનો કડવો અનુભવ આજે સેકટર-૭ની પોસ્ટ ઓફિસમાં બનેલ હતો.

એક સિનિયર સીટીઝન ૮૩ વર્ષની ઉંમરના વડીલનું ખાતું ખોલાવવા તેમની દીકરી જ સેકટર-૭ના વસાહતી છે. તેઓ ગયા હતા, ત્યારે તેમને સ્પષ્ટ ના પાડી દીધી હતી કે તમારે આ પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલી શકાશે નહિ. પરંતુ સદર મહિલાએ મુખ્ય પોસ્ટ ઓફિસમાં સુપ્રીડેન્ટન્ટ સામે ફરિયાદ કરીને વિગત જણાવેલ હતી. સુપ્રીટેન્ડન્ડ કચેરીએથી સૂચના મળતાં ખાતું ખોલાવનાના કાગળો સેકટર-૭ની પોસ્ટ ઓફિસે સ્વીકારવા પડ્યા હતા. આમ છતાં હજૂ સેકટર-૭ની પોસ્ટ ઓફિસ વધુ માહિતી મેળવવા હેરાન ગતિ કરી રહી છે.

જો આ મહિલાઓ ઉચ્ચ સત્તાવાળાઓ સમક્ષ રજૂઆત ના કરી હોય તો તેમનું કામ ના થાત. આમ. કેટલાય વ્યક્તિઓને આ રીતે સેકટર-૭ના જોહુકમીથી હેરાન થવું પડ્યું હશે. તો આવા માથાભારે કર્મચારીઓ સામે જરૂરી કાર્યવાહી કરવાની તાતી જરૂરિયાત છે.

ચિલોડા મોટા ગામના ધાર્મિક સ્થાનોને નિશાન બનાવતા તસ્કરો

ચિલોડા, તા. ૨૮

આસ્થાનું કેન્દ્ર એવા ચિલોડા મોટા ગામના વિવિધ ધાર્મિક સ્થાનો પર તસ્કરોની નજર પડી છે. નાની-મોટી ચોરીઓ થતાં ગ્રામજનોએ તેને રોકવા પોલીસતંત્રને રજૂઆત કરી છે.

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ગામમાં પ્રવેશતાં સૌ પ્રથમ અનેક દેવ-દેવીઓના પવિત્ર ધામો આવેલા છે. જેમાં સૌ પ્રથમ શ્રદ્ધાનું ધામ સતીમાતાનું મંદિર સૌ ભક્તજનો માટે અનોખી ભક્તિ કેન્દ્ર બન્યું છે. જ્યારે ગામના વિશાળ તળાવ કાંઠે આવેલુ બળિયાદેવનું મંદિર અનેક રીતે ધાર્મિક મહત્વ ધરાવે છે. અહીંયા આજુબાજુ અનેક લોકોના રહેઠાણો આવેલા છે. જ્યારે બહુચરમાતાના ભવ્ય મંદિરે દૂર દૂરથી ભક્તો દર્શનાર્થે આવે છે. સોમવારની મોડી રાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ બળીયાદેવના મંદિરની અંદર રહેલી દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. મજબૂત લોખંડની જાળીએ તાળુ હોવા છતાં નકુચો તોડી દરવાજો ખોલી અંદર પ્રવેશ કરી દાનપેટી ઉઠાવી મંદિરની નજીક દાનપેટીનું લોક તોડી અંદરથી ત્રણથી ચાર હજાર રૂપિયાની દાનની રકમ લઈ પલાયન થઈ ગયા હોવાનું જાણવા મળે છે. આ તસ્કરોએ મંદિરનો લાઈટનો ગોળો તથા બળિયાદેવને ચઢાવેલી અનેક પૂજા સામગ્રી વેરવિખેર કરી નાખી હતી. દાનપેટી પાસે એક તિજોરીની ચાવી તથા લોખંડનો પાતળો સળિયો જમીન પર પડ્યો હતો. આ અંગે ચિલોડા ગામના સરપંચને ચોરી અંગેના સમાચાર મળતાં તુરત જ મંદિરે આવી યોગ્ય તપાસ કરી પોલીસને જાણ કરવા દોડી ગયા હતા. આમ આ વિસ્તારમાં આવેલા દેવ-દેવીઓ મંદિરોમાં દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરવાનો આ ત્રીજો બનાવથી ગ્રામજનોમાં અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ઈટલાના કેસમાં આરોપીના જામીન મંજુર

ગાંધીનગર, તા. ૨૮

કલોલ તાલુકાના ઈટલા ગામમાં ખેતીકામ કરતી મહિલા પર બળાત્કાર ગુજારવાના કેસમાં કોર્ટે આરોપીની જામીન અરજી મંજુર કરી છે. ઈટલા ગામમાં ખેતીકામ માટે જતી મહિલા પર બળાત્કાર ગુજારવાના કેસ સંદર્ભે કલોલ તાલુકા પોલીસમથકે આ આરોપી દશરથજી ગાંભાજી ઠાકોર વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસ સંદર્ભે આરોપી કલોલની એડીશનલ સેસન્સ કોર્ટમાં જામીન અરજી રજુ કરતાં આરોપીના વકીલ તરીકે ભરત એમ. ચૌધરીએ દલીલો કરી હતી. જેને ધ્યાને લઈ કોર્ટે આરોપીના જામીન મંજુર કર્યા છે.

પહેલીએ ભીખુદાન ગઢવીનો લોક ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના લોક સંગીતનો કાર્યક્રમ રાજ્યમાં રજુ કરવાની યોજના અંતર્ગત ગુજરાતના જાણીતા લોક કલાકાર ભીખુદાનભાઈ ગઢવીનો સંસ્કૃતિ સંસ્થા દ્વારા 'ડાયરો' શીર્ષક તળે કાર્યક્રમ ૧લી ડિસેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

'ગુજરાતની સંસ્કૃતિ અને ભાતીગળ લોક કલાઓને શબ્દ સુગંધના દરિયે લળી-લળીને રજૂ કરતા, લોકહૃદયના સમ્રાટ એવા ભીખુદાનભાઈ ગઢવી અને સાથીદારો દ્વારા ટાઉનહોલ ગાંધીનગર ખાતે ડાયરો રજૂ કરશે. લોક સંગીતનો ભવ્ય કાર્યક્રમ ખાસ તો વિક્રમ સંવત-૨૦૬૯ના સ્વાગત અર્થે રજુ થઈ રહ્યો છે. ત્યારે પાટનગરના રસશ્રોતોને આ પ્રસંગે ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. લોક સંગીતના કાર્યક્રમમાં રસ ધરાવતા નગરજનોએ કાર્યક્રમના નિમંત્રણ પત્રો વિનામૂલ્યે મેળવવા માટે મેહુલ આર. પટેલ કેપીટલ પ્રિન્ટોરીયમ, શ્રીનાથ કોમ્પલેક્ષ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કચેરી પાસે, ગાંધીનગરનો સંપર્ક સાધવા જણાવાયું છે. જૂજ નિમંત્રણ કાર્ડ બાકી હોવાથી વહેલા તે પહેલાના ધોરણે વ્યક્તિદીઠ એક કાર્ડ આપી શકાશે એમ સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશ પટેલે જણાવ્યું છે.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગૃહ વિભાગની ટીમ સામે નાણા વિભાગનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા. ૨૮

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધામાં તાજેતરમાં નાણા વિભાગની ટીમ અને ગૃહ વિભાગની ટીમ વચ્ચે મેચ યોજાઈ હતી. ગૃહ વિભાગની ટીમે ૨૦.૨ ઓવરમાં ૮૦ રન કરી ઓલઆઉટ થઈ હતી. તેની સામે નાણા વિભાગની ટીમે ૧૬.૪ ઓવરમાં ૩ વિકેટે ૮૨ રન કરી સાત વિકેટે ભવ્ય વિજય હાંસલ કર્યો હતો. મેચ ઓફ ધી મેચ તરીકે એચ.ડી. સેઈલર જાહેર થયા હતા.

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટની સ્પર્ધા ગતરોજ યોજાયેલી હતી. મેચમાં ગૃહ વિભાગની ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લેતા ૨૦.૨ ઓવરમાં ૮૦ રનમાં ઓલઆઉટ થયા હતા, જેમાં બેટીંગમાં રીકીટ સોની-૧૮ રન અને અજય પટેલ-૧૪ રન મુખ્ય હતા. અને બોલીંગમાં સંજય ચૌહાણ, રીકીટ સોની અને અજય પટેલે -૧-૧ વિકેટ મેળવી હતી.

નાણા વિભાગે ૧૬.૪ ઓવરમાં ૩ વિકેટે ૮૨ રન કરતાં નાણાં વિભાગની ટીમનો સાત વિકેટે ભવ્ય વિજય થયો હતો. નાણાં વિભાગ તરફથી હિતેષ ઠાકોર-૨૪ રન, કમલેશ સોલંકી-૧૪ રન અને એ.ડી. સેઈલર-૧૩ રન મુખ્ય હતાં અને બોલીંગમાં એચ.ડી. સેઈલર-૭ રનમાં ૫ વિકેટ, કમલેશ સોલંકી ૧૭ રનમાં ૧ વિકેટ અને સંદિપ ચાવડા ૧૭ રનમાં ૨ વિકેટ મેળવી હતી.

નાણાં વિભાગની ટીમનો ૭ વિકેટે ભવ્ય વિજય થયો હતો. નાણાં વિભાગની ટીમના મેનેજર દિનેશ બી. દાણીએ તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ રમતના મેદાનમાં હાજરી આપી ટીમના ખેલાડીઓને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૬ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦
લાઈફ ઑફ પાઈ (અંગ્રેજી) : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૬.૩૦
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૧૫, ૮.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦
થુપાક્કી : ૧૨.૧૫
ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૧.૦૦, ૫.૩૦
સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૬.૩૦

: સ્ક્રીન-૪ :
જબ તક હૈ જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

સૂર્યા, વાવોલ

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત શાયબા ન ભુલાયઃ ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦,૧૦.૧૫
સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

વિરાગ, કલોલ

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

વૃષભ : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યા છે. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ. આરોગ્ય સુધારો થઈ શકશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

કર્ક : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે. જીવનસંગીની સાથે તકરાર ન બને.

સિંહ : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

કન્યા : કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધનો યોગ બની રહ્યા છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

વૃશ્ચિક : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : વિચારેલા કાર્ય પૂર્ણ થશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્દભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મકર : બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કુંભ : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

મીન : નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ચિરવિદાય

● સ્વ. ગોરધનભાઈ મગનભાઈ સોલંકી (ઉ.વ. ૩૦) પ્લોટ નં. ૭૭/૨, 'ઇ' ટાઈપ, સેકટર-૧૭, ગાંધીનગર.